# પાલનપુર સિવિલ હોસ્પિટલમાં જન ઔષધી કેન્દ્રનો પ્રારંભ





પાલનપુર, તા.૧૫

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મુકામે સિવીલ હોસ્પીટલ ખાતે દીનદયાળ પ્રધાનમંત્રી ઔષધી સ્ટોરનો શુભારંભ ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ કૌશીકભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો. આ સ્ટોરમાં બજાર ભાવ કરતાં ૩૦થી ૮૦ટકા જેટલાં નીચા ભાવથી ઉચ્ચ ગુણવત્તાવાળી દવાઓનું વેચાણ કરવામાં આવશે. દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર ગરીબ અને પછાત તથા દરેક વર્ગના લાખો લોકો માટે આશીર્વાદરૂપ બની રહેશે.

આ પ્રસંગે ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષશ્રી કૌશીકભાઈ પટેલે જણાવ્યું હતું કે દેશની સમૃધ્ધિ એ દેશના નાગરિકોના આરોગ્ય પર આધારી હોય છે. લોકોની સુખાકારી માટે સારુ આરોગ્ય અનિવાર્ય છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી સંવેદનશીલ સરકાર ધ્વારા લોકોના હિતમાં અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. આજથી સમગ્ર રાજયમાં પર જેટલાં જેનેરીક દવાઓના સ્ટોર્સ શરૂ કરવામાં આવ્યા છે. સરકારની આ યોજના અન્વયે લોકોને સારી ગુણવત્તાની દવાઓ વ્યાજબી ભાવે મળશે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે જેનેરીક સ્ટોરમાં ૧૦૦૦ થી ૧૫૦૦ જેટલી દવાઓની બ્રાન્ડ ઉપલબ્ધ હશે. મેલેરીયા, ડાયાબિટીસ, હૃદયરોગ, કેન્સર જેવા મોટા રોગની જેનેરીક દવાઓ પણ ઉપલબ્ધ રહેશે. અધ્યક્ષાએ કહ્યું કે સારી ગુણવત્તાવાળી દવાઓ સસ્તાભાવે મળે તે માટે રાજય સરકાર ધ્વારા આ યોજના અમલી બનાવવામાં આવી છે. તેમણે કહ્યું કે રાજય સરકારે જી મોબાઈલ એપ?લીકેશન એપનું પણ લોન્ચીંગ કર્યું છે જેનાથી જેનેરીક દવાઓની સરખામણી બ્રાન્ડેડ દવાઓ સાથે કરી કઈ દવાઓ ખરીદવી તેની જાણકારી મેળવી શકાશે.

અધ્યક્ષએ કહ્યું કે કેન્દ્ર અને રાજય સરકાર ધ્વારા લોકો માટે અનેકવિધ યોજનાઓ બનાવવામાં આવી છે તેનો લાભ ગામડામાં બેઠેલાં છેવાડાના માણસને મળી રહે તે માટે આપણે આ યોજનાનો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર કરી લોકોને મદદરૂપ બનીએ. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નીલમબેન જાની, કલેકટર જેનુ દેવન, જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડાૅ.અરૂણ આચાર્ય, અગ્રણીઓ સર્વશ્રી હરેશભાઈ જાની, હસમુખભાઈ પઢીયાર, મુન્નાભાઈ ગુપ્તા, મેરૂજી ધુંખ, ગિરીશભાઈ જગાણીયા, ડાૅ.સુરેન્દ્ર ગુપ્તા, સીવીલ સર્જનશ્રી એસ.એન.પટેલ સહિત અગ્રણીઓ, હોસ્પિટલ સ્ટાફ અને સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# થરા-શિહોરીની બેંકોમાં લાંબી કતારો



શિહોરી, તા. ૧૫

શિહોરીની સ્ટેટબેંક ઓફ ઈન્ડીયા, બેંક ઓફ બરોડામાં સવારથી જ લોકો પૈસા જમા કરાવવા અને ઉપાડવા માટે લાઈનોમાં ઉભા હતા ત્યારે એકબાજુ સૂર્યના તાપથી અને ભુખથી લથપથ લોકો ઉપર શિહોરીના ગજાનંદ રોયલ આઈસક્રીમના માલીક મામાને એક સુંદર વિચાર આવ્યો અને ગરમ થયેલા લોકોને ઠંડા કરી નાંખ્યા.

જો કે વાત જાણે એમ હતી કે લોકો માટે બેંક તરફથી તડકો ગરમી સહન ન કરવી પડે તે માટે મંડપ બંધાવી દીધો છે ત્યારે મામુએ તો બેંકમાં ઉભેલા તમામ લોકોને આઈસ્ક્રીમ ફ્રિમાં ખવડાવી દિધી અને ખુશીથી ઝુમી ઉઠ્યા .

આ પ્રસંગે કાંકરેજ ગૌસેવા સમિતિના પ્રમુખ છત્રસિંહ ડાભી, ગણેશ જોષી અને દિપકકુમાર જોષી (ગજાનંદ રોયલ આઈસ્ક્રીમ શિહોરી) એ સેવા આપી હતી. અને લોકોએ હોંશે હોંશે છુટા પૈસા તો લીધા પણ સાથે સાથે આઈસ્ક્રીમની લીજજત માણી હતી. થરાની પોસ્ટ ઓફિસમાં નાણાં સ્વીકારવા બાબતે થોડીવાર અફડાતફડી જેવો માહોલ સર્જાયો હતો અને લોકો ભારે ગુસ્સામાં દેખાયા હતા. જ્યારે શિહોરીની નાગરીક વિમાસણમાં મુકાયા હતા. અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જો કે કોઈ અનિચ્છનિય બનાવ બનવા પામ્યો ન હતો.

# અરવલ્લીના સાલમપુરના તારાપુર આશ્રમે નિકળેલ પાલખીયાત્રા



મોડાસા, તા.૧૫

અરવલ્લી-સાબરકાંઠા નહીં બલ્કે ઉત્તર ગુજરાતના ગામેગામ જન સામાન્ય સુધી આધ્યાત્મિક આત્મજ્ઞાનની સરવાણી થકી લોક હૃદયમાં સંતનું બહુમાન અંકિત કરનાર મોડાસાના મેઢાસણ નજીક સરડોઈ રોડ ઉપર સાલમપુર ગામના તારાપુર આશ્રમના ૧૨૫ વર્ષીય આત્મજ્ઞાની સંત પૂ.મોહનરામ મહારાજનો ગઈકાલે દેવ દિવાળીના પુણ્ય દિને દેહવિલય થતાં આજે મંગળવારે સદગતના અશ્રમેથી નીકળી પાલખી યાત્રામાં સ્થાનિકો ઉપરાંત તાલુકામથકો, બંને જિલ્લામાંથી ખુબ મોટો ભક્ત સમુદાય ઉમટી પડ્યો હતો અને સદગત સંતને શોકમગ્ન બની અંતિમ વિદાય આપી હતી.

પૂજય સંત મોહનરામ મહારાજ પોતે આત્મજ્ઞાની છતાં જયારે પણ આશ્રમે દર્શને જઈએ ત્યારે આટલી વય વટાવ્યા પછી પણ પોતાનાં કામો જાતે જ કરતા અને ક્યારેક તો ખેતરમાં પાણી પણ વળતા જોયા છે. નવાસવા મળવા આવનાર પૂ.મહારાજ વિષે પૂછે ત્યારે પોતે જ પાણી વળતા મળે ત્યારે એટલું જ બોલે એ ત્યાં આશ્રમે જાઓ હમણાં જ આપને જેને મળવું છે તે ત્યાં મળશે...

પૂજય સંત મોહનરામ મહારાજના આજે નીકળેલી પાલખી યાત્રામાં ભાઈઓ-બહેનો તમામ જ્ઞાતિ સમૂહના લોકો જોડાઈને પૂજ્ય સંતને શ્રદ્ધા સુમન અર્પણ કર્યાં હતા.જીવમાત્રમાં આત્મા... ઈશ્વરનાં દર્શન કરી સહુ જીવોને શાતા મળે તેવી જીવ કલ્યાણની પ્રવૃત્તિઓમાં હમેશા અગ્રેસર રહેતા અને આશ્રમે આવતા સહુકોઈને તે માર્ગે વળતા સંતની સેવા પ્રવુત્તિઓની મહેક ચફેર વર્તાઈ રહી છે.

# સાકરીયા મહાદેવના મંદિરે ત્રિવેદી-મેવાડા સમાજનું સ્નેહમિલન યોજાયું

મોડાસા તા.૧૫

અરવલ્લી જિલ્લામાં પરંપરાગત રીતે દર દેવદીવાળિ ની પુનમ સંધ્યાએ મોડાસા તાલૂકાના સાકરીયા ગામના શ્રી શાંકળેશ્વર મહાદેવ ખાતે, શ્રી ત્રીવેદી મેવાડા બ્રહ્મ સમાજનો સ્નૈહસંમેલન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ૭૦ વર્ષ ના બૂઝર્ગ ૪૦ જૈટલા દાદા - ડાળીઓ... માતાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ આંતરરાષ્ટ્રીય આતંકવાદ વીરોધી અભિયાન I ATM દીલ્હીના ગૌરવશાળી પદ ઉપર નિયુક્ત અને ગૂજરાત પ્રદેશના મહામંત્રી સાકરીયા ગામના પનોતા પૂત્ર પ્રકાશ ચંદ્ર વીઠ્ઠલદાસ ઊપાધ્યાયનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ માં પ્રમુખ ભદ્રેશભાઈ, શ્રી કમળાશકર ઊપાધ્યાય, ભરતભાઈ ઊપાધ્યાય, મોડાસા બ્રહ્મશ્રી બેન્ક ના ચેરમેન ઉપેન્દ્ર ત્રિવેદી, સમાજના મૂક સેવક અને ભોજનદાતા શ્રી ભીખાભાઈ જે, ઊપાધ્યાય તેમજ મોટી સંખ્યા માં ત્રિવેદી મેવાડા સમાજ નાભૂદેવ વડીલો, ભાઈઓ, બહૈનો, બાળકો હાજર રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જોગન્દર કે. ઊપાધ્યાયે કર્યું હતું.

# કાંકરેજ તાલુકાના ચાંગા ગામના ૭૦ વર્ષિય વૃદ્ધે નર્મદા કેનાલમાં પડી જીવન ટુંકાવ્યુ




કાંકરેજ, તા. ૧૫

કાંકરેજ તાલુકાના ઈસરવાની નર્મદા કેનાલમાં સવારના સમયે ચાંગા ગામનો પંચાલ બાબરાબાઈ પસાભાઈ રે. ચાંગા, તા. કાંકરેજ,

**ચાંગા ગામનો પંચાલ બાબરાભાઈ પગમાં થતી પિડા સહન ન થતા આવું પગલું ભર્યું હોવાનું ચર્ચા લોકોમાં જાગી**

જિ. બ.કાં. વાળાએ થોડા સમય પહેલા પોતાના પગે ઓપરેશન કરાવીને પગ કપાયો હતો પરંતુ સમય વિતવા છતાં સારૂ ન થતા અંદર જીવાત પડી ગઈ હતી. જેથી વધુને વધુ પીડા થતી હોવાથી પોતાના જીવનથી કંટાળી ગયો અને ઘરેથી નિકળીને સલીમગઢ પાસે ઈસરવાની નર્મદા કેનાલમાં જંપલાવી પોતાનું જીવન ટુંકાવી દીધું હતું. જો કે આ પંચાલની ઉંમર ૭૦ વર્ષની છે. જ્યારે તેના પરિવાર દ્વારા મૃતદેહને ચાંગા ગામે તેના ઘેર લઈ જઈને અગ્નિ સંસ્કાર કરી દેવામાં આવ્યો હતો. અને થરા રેફરલ હોસ્પિટલમાં પી.એમ. કરવા માટે ન લવાતા અનેક તર્ક વિતર્ક સર્જાયા હતા. મૃતકના પુત્રે આ બાબતે કોઈ જ પ્રતિક્રિયા આપી નહોતી અને બાબરા પંચાલના મોતનું રહસ્ય અકબંધ રહેવા પામ્યુ છે. થરા પોલીસસ્ટેશનમાં બપોરના બે વાગ્યા સુધી આ બાબતે કોઈ જ જાણ થઈ ના હોવાનું થરા પીએસઓ દ્વારા જાણવા મળેલ છે. આમ ચાંગાના વૃદ્ધના મૃતદેહને તાત્કાલિક બાળી નાંખવા અંગે પરિવારજનોમાં શંકા કુશંકાઓ જોવા મળી હતી. આ બાબતે હવે પોલીસ શું તપાસ કરશે ખરી ?

# નાગણેશ્વરી માતાના મંદિરે ધામધૂમથી અન્નકુટ ભરાયો



તલોદ, તા. ૧૫

તલોદમાં ચમત્કારીક સુપ્રસિદ્ધ યાત્રાધામ નાગણેશ્વરી માતાજીના મંદિરે દેવદિવાળી નિમિત્તે ૨૧મો ૫૬ ભોગનો અન્નકુટ ધામધૂમ અને ભક્તિભાવથી અન્નકુટ ભરવામાં આવ્યો. જેમાં અસંખ્ય માઈ ભક્તોએ મંદિરના મહંત એવા જીતુસિંહ રાઠોડના સાંનિધ્યમાં માતાજીના આશીર્વાદ લીધા હતા.

અન્નકુટના દર્શન કરી મહાપ્રસાદ સાથે દેવદિવાળી નિમિત્તે માઈભક્તોએ ચમત્કારીક ધામથી પોતાની બાંધા આખડી અને રક્ષા પોટલી પણ આ પ્રસંગે રાખવામાં આવી હતી. નાગણેશ્વરી મંદિરે હિન્દુ મુસ્લીમ એકતાનું એક ધામ તરીકે તલોદમાં પ્રસિદ્ધ છે. જ્યાં ભાઈચારાની ભાવનાથી તમામ ધર્મના લોકો નતમસ્તક ઝુકાવી માતાજીના સાક્ષાત્કાર કર્યા હતા.

મંદિરના ગુરૂ ગાદિપતિ જીતુસિંહ રાઠોડ વહેલી સવારે મંદિરની પુજા આરતી કરી ૫૬ ભોગ અન્નકુટની પ્રસાદ રૂપે સુશોભા કરી બપોર બાર વાગ્યે માતાજીની મહાઆરતી સાથે જમવાનો થાળ ધરાવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંદિરના શિષ્યો મિલનભાઈ મોદી, જાફરહુસેન સેખ, કૃષ્ણકાન્ત પરમાર, દીતાભાઈ પ્રજાપતિ, બાબુભાઈ પગી, પ્રકાશભાઈ દરજી, મિસ્ત્રીકાકા, સંજયભાઈ શાહ, હેમુભાઈ સોલંકી જેવા અગ્રણી ગુરૂગાદીના શિષ્યોએ ખડેપગે જહેમત ઉઠાવી માઈભક્તોને માતાજીના ભરાયેલા અન્નકુટનો લાહવો આપવામાં આવ્યો હતો. આજનો દેવદિવાળીનો ત્યોહાર ધામધૂમથી ભક્તિરસ થઈ ઉજવવામાં આવ્યો હતો.

## પાલનપુર નજીક ટ્રક-બાઈક વચ્ચે અકસ્માતમાં બેના મોત

બનાસકાંઠાના અમીરગઢ નજીક ટ્રક વચ્ચે અકસ્માત થતા બાઈક ચાલક સહીત બેના મોત થતા પાલનપુરમાં શોકનો માહોલ છવાયો છે. અમીરગઢ ખાતે દેવેન્દ્ર પરમાર સહિત તેમના ભાભી ને પાલનપુર તરફ આવતા આજે ટ્રક ચાલકે ટક્કર મારતા બંનેનું ઘટના સ્થળે જ મોટ થયું હતું જો કે બંને ને પાલનપુર સિવિલમાં પીએમ અર્થે લવાતા પરિવારજનો સહિત લકો ના ટોળા જામ્યા હતા. ત્યારે પોલીસ હજુ પણ મૂક પ્રેક્ષક બની રહી છે જેના પગલે સ્થાનિકો માં રોષ નો માહોલ સર્જાયો છે.

# હિમતનગરના શાકભાજી માર્કેટમાં ૫૦૦ અને ૧૦૦૦ની નોટોને લઈને વેચાણ-લેવાલમાં ભારે હાલાકી

હિંમતનગર, તા.૧૫

કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦૦ અને ૫૦૦ની નોટો બંધ કર્યા બાદ સમગ્ર ભારતમાં નાણાકીય વ્યવહાર ઠપ થઈ ગયો છે અને જેને લઈને નાના માણસોથી લઈ વેપારીઓ સુધી લોકો પરેશાની ભોગવી રહ્યા હતા. છેલ્લા પાંચ દિવસથી નાણાકીય વ્યવહાર ઠપ થઈ જતા માર્કેટયાર્ડ પણ બંધ થઈ ગયા હતા.તો આજે પાંચ દિવસ બાદ શાક માર્કેટ ખુલ્લુ તો થયુ પરંતુ હજુ નોટોની માથાકુટ તો ચાલુ જ છે.છેલ્લા પાંચ દિવસથી શાક પડી રહ્યુ હતુ અને જેને લઈને ખેડુતોને પણ નુકશાન થયુ છે તો સામે માર્કેટને પણ નુકશાન થયુ છે અને આજે માર્કેટ ખુલી ગયુ છે તો ૫૦૦ અને ૧૦૦૦ની નોટોને લઈને તમામ લોકો મુશ્કેલીમાં મુકાયા છે.આ અંગે શાકભાજીનો છુટક વેપાર કરનારમંગુબેન પટણીએ જણાવેલ કે અમે શુ કરીએ છેલ્લા દસ દિવસનુ વેચાણ કરીને માલ માટે આવ્યા છીએ પરંતુ ૫૦૦ ના નોટ છે તો વેપારી નોટ લેતા નથી દરરોજ છુટક મજુરી કરી કમાણી થાય તેનાથી ઘર ચલાવીએ છીએ.આ અંગે શાકભાજી વેચવા આવેલ ખેડૂત કરશનભાઈ રાઠોડે જણાવેલ કે અત્યારે માલ ઉતાર્યો પણ અત્યારે ભાવ પણ મલતો નથી માક્રેટમાં કોઈ લેવા તૈયાર નથી ૫૦૦ની નોટો બજારમાં ચાલતી નથી અને કોઈ માલ લેતુ નથી જેથી માલ બગડે છે અને ૫૦૦ની નોટો લઈને લાઈનમાં ઉભા રહેવુ પડે છે.પાંચ દિવસ બાદ આજે શાક માર્કેટ તો ખુલી ગયા છે પરંતુ હાલ છુટક વેપારીઓથી લઈને ખેડુતો અને હોલસેલના વેપારીઓ પણ મુશ્કેલીમાં ફસાયા છે. બધા જોડે જુની ૫૦૦ અને ૧૦૦૦ની નોટો છે તો એ નોટો વેપારીઓ લેતા નથી તો સામે કોઈ વેપારી એ નોટ લે તો ખેડુતો સ્વીકારતા નથી.જુની નોટો લઈને કોઈ ખરીદી કરવી હોય તો અન્ય કોઈ જગ્યાએ પણ એ નોટો સ્વીકારાતી નથી.તો નોટો કોઈ લઈલે તો એના માટે બેંકો આગળ લાઈનમાં ઉભા રહેવુ પડે છે અને આખો દિવસ બગડી જાય છે જેથી તમામ લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે.હવે તો વેપારીઓ પણ ચીઠ્ઠી વ્યવહાર કરીને બાકી પણ રાખીએ છીએ અને બાકી રાખીને પણ કેટલુ બાકી રાખવાનુ તેવુ વેપારીઓ જણાવી રહ્યા છે.

# યુવક કોંગ્રેસ દ્વારા બેંકોની લાઈનમાં ઉભેલા લોકોને નાસ્તો તેમજ પાણી આપી સેવાકીય કાર્ય કર્યુ

**લોકોએ પણ કોંગ્રેસની આ કામગીરીને બિરદાવી**





ધાનેરા, તા,૧૫

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં યુથ કોંગ્રેસ અને કોંગ્રેસ સમિતિ ધ્વરા બેંકો ની લાઈન માં ઉભેલા લોકોને નાસ્તો તેમજ પાણી આપી સેવાકીય કાર્ય કર્યુ છે ત્યારે લોકોએ પણ કોંગ્રેસની આ કામગીરી ને બિરદાવી હતી

દેશ માં જયારથી ૫૦૦ અને ૧૦૦૦ ની ચલણી નોટ પાર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે ત્યારથી લોકોના જીવ તાળવે ચોંટી ગયા છે અને લોકો પોતાનું બધુજ કામ છોડી પૈસા બદલાવવા બેંકો તરફ દોટ મૂકી રહ્યા છે ધાનેરા માં આવેલી તમામ બેંકો માં માનવ મહેરામણ ઉમટેલો જોવા મળી રહ્યો છે લોકો વહેલી સવારથીજ ખાધા અને પીધા વગર આખો દિવસ લાઈન માં ઉભા રહે છે ત્યારે આજે ધાનેરા યુથ કોંગ્રેસ અને કોંગ્રેસ સમિતિ ધ્વરા બેંકો ની લાઈન માં ઉભેલા લોકોને નાસ્તો તેમજ પાણી આપી સેવાકીય કાર્ય કર્યુ છે ત્યારે લોકોએ પણ કોંગ્રેસ ની આ કામગીરી ને બિરદાવી હતી

આ કાર્યક્રમાં ધાનેરા શહેર કોંગ્રેસ પ્રમુખ બળવંતજી રાવ યુથ કોંગ્રેસ જિલ્લા મહામંત્રી વિનુભા સોલંકી ધાનેરા યુથ કોંગ્રેસ મહામન્ત્રી જયેશભાઈ સોલંકી ધાનેરા યુથ કોંગ્રેસ ઉપ પ્રમુખ વસીમભાઈ બેલીમ સહીત મોટી સંખ્યા કોંગ્રેસ ના કાર્યકર્તા જોડાયા હતા.

# મોડાસાના મનોકામના સિદ્ધિ વિનાયક મંદિરે દેવદિવાળીના પર્વે દિપમાળાના દર્શન

મોડાસા, તા.૧૫



અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના ડિપ વિસ્તારમાં આવેલા અને સમગ્ર દેશમાં ગણેશભક્તોમાં આસ્થાના પ્રતિક સમાન 'સિદ્ધિ વિનાયક' મંદિરે દેવદિવાળીના પાવન પર્વે પરંપરાગત દિપમાળા યોજાતા મોડાસા શહેરના ભાવિ ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા હતા. મનોકામના સિદ્ધ વિનાયક મંદિર યુવક મંડળના સદસ્ય ચિંતન ઉપાધ્યાયના જણાવ્યા મુજબ ચાલુ વિક્રમ સંવત ૨૦૭૩ અને દેશનો નકશાના અંદર ૩૬૫ દીવડાઓ પ્રગટાવી દીપમાળાનું સર્જન કરવામાં આવ્યું છે.





અરવલ્લી જિલ્લામાં આજરોજ મોડાસાની સિવિલ કોર્ટના જપ્તી વોરંટ અનુસંધાને વકીલની હાજરીમાં મોડાસાની સિંચાઈ વિભાગની બે ઓફિસમાંથી કુલ ૩.૪૯ લાખની મિલકત થઈ જપ્ત કરવામાં આવી હતી.મોડાસા તાલુકાના બે ખેડૂતોને ૨૫ વર્ષ જુનનું વળતર નહિ ચુકવતા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.